**તા.૦૨/૦૪/૨૦૨૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, 300 લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૨ બિયર ટીન અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૪૬/૨૦૨૫**

**માધવપુરાઃ** આકાશ રાજુભાઈ સૌચા (રહે. આલયમ-૨ મેન્ટલ હોસ્પિટલ સ્ટાફ ક્વાર્ટસ દિલ્હી દરવાજા બહાર માધવપુરા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૫ સવારના ૧૧/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૬૪,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી પી.એમ.વાઘેલા ચલાવે છે.

**રાણીપઃ** માધવી વા/ઓ ભારત કેશવરાવ પાટીલ (ઉ.વ.૩૭) (રહે. મહેશ્વરી એપાર્ટમેન્ટ કેશવનગર સુભાષબ્રિજ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧,૮૩,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એસ.ચૌહાણ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૭/૨૦૨૫**

**નિકોલઃ** લાલાભાઈ મનસુખભાઈ માથુકીયા (ઉ.વ.૩૨) (રહે. અભીનવ રેસીડેન્સી સરીતા-૨ ફ્લેટ સામે વી.આઈ.પી.સ્કુલ રોડ નિકોલ) તા.૦૧/૦૪/૨૦૨૫ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે નિકોલ ભક્તિ સર્કલ થી ફોરચ્યુન સર્કલ રોડ દેવસ્ય ગોલ્ડ ફલેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકસેસ જેવા સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ લાલાભાઈ માથુકીયાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લાલાભાઈ માથુકીયાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** શૈલેષભાઇ રુગ્ગનાથભાઇ પટેલ (ઉ.વ.૪૮) (રહે. ગ્રીન સીટી સાયન્સ સીટી સોલા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૫ બપોરના ૩/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે બેડસીટ બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિમ્સ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**વાડજઃ** શંભુભાઈ સ/ઓ સુબોધભાઈ કંસારા (ઉ.વ.૩૯) (રહે. ઉધ્ધવનગરનો ટેકરો ગુરુદ્વારા પાછળ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જીગ્નેશકુમાર પ્રવિણભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ** દેવાંગ સ/ઓ રમેશકુમાર લવાસ (ઉ.વ.૧૮) (રહે. જય વિસત રોયલ ફ્લેટ્સ મેરીમેન્સ ફ્લેટની બાજુમાં ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૫ રાતના ૦૦/૦૦ થી સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરણકુમાર પ્રેમજીભાઇ ચલાવે છે.

**શાહીબાગઃ** વિશાલ દિનેશભાઇ પટણી (ઉ.વ.૨૦) (રહે. પિરૂભઠીયારાની ચાલી સંતોષીમાતાના મંદીર પાસે અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૩/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતાં સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશસિંહ કિનુસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી